Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# પારિવારિક યાતનાઓથી ત્રસ્ત નાયિકાની વ્યથા:'ડુંગરિયે દવ લાગ્યો'

**શિવાનીબેન અનિલગર ગુંસાઈ**

શોધ છાત્ર

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ભારતીય અંગ્રેજી સ્ત્રી નવલકથાઓમાં અનિતા દેસાઈનું નામ નોંધપાત્ર છે. છવ્વીસ વર્ષની વયે પહેલી નવલકથા 'ક્રાય ધ પિકોક'(૧૯૬૩) લખનાર અનિતા દેસાઈએ બાળસાહિત્ય અને વાર્તા ક્ષેત્રે પણ કલમ ચલાવી છે.તેમની 'ફાયર ઓન ધ માઉન્ટન'(૧૯૭૭) સાહિત્ય અકાદમી એવોર્ડ અને 'રોયલ સોસાયટી ઓફ લિટરેચર'નું પારિતોષિક મેળવનાર ખ્યાતિ પ્રાપ્ત નવલકથા છે.આ નવલકથાનો 'ડુંગરીયે દવ લાગ્યો'(૨૦૦૧) નામે અનિલા દલાલે ગુજરાતીમાં અનુવાદ કર્યો જે નવલકથા તપાસવાનો મારો અહીંયા ઉપક્રમ છે.

ગુજરાતી સાહિત્યમાં વિવેચન અને અનુવાદ ક્ષેત્રે અનિલા દલાલનું નામ ગણનાપાત્ર છે.શ્રેષ્ઠ વિવેચન ગ્રંથો અને ઉતમ અનુવાદો તેમનું ગુજરાતી સાહિત્યમાં આપેલું અમૂલ્ય યોગદાન છે.પારિવારિક જીવનની યાતનાઓથી ત્રસ્ત નાયિકાની વ્યથાને આલેખતી 'ડુંગરીયે દવ લાગ્યો' નવલકથા તેમણે કરેલો ઉતમ અનુવાદ છે.

'ડુંગરીયે દવ લાગ્યો'માં નાયિકા નંદા કૌલ પારિવારિક જીવનની યાતનાઓથી ત્રસ્ત થઈ એકાંત માટે કસૌલીની પહાડીઓમાં તેને ખરીદેલું મકાન 'કેરિગ્નાનો' માં રહેવા માટે આવે છે.ત્યાં તેમને દેવદારુ ના વનોમાં કંઈક શાંતિની અનુભૂતિ થાય છે,પણ પ્ર-પૌત્રી રાકાના આગમનથી તેમાં ખલેલ પડે છે.જોકે નંદા કૌલ અને રાકા બંન્ને પોતપોતાની રીતે પહાડની ટેકરીઓમાં એકાંતને શોધે છે.અંતે તે એકાંત ખૂન,બળાત્કાર અને ડુંગરના દવ રૂપે વિસ્ફોટ પામે છે.અનિતા દેસાઇ ની રચનાઓનો વિષય ઘણુંખરું જીવનમાં અનુભવાતી અલગતા અને એકલતાનો રહ્યો છે.જેનું આ નવલકથા ઉતમ ઉદાહરણ રૂપે પ્રગટ થાય છે.નવલકથા કુલ ત્રણ ભાગમાં વહેંચાઈ છે.

ભાગ ૧: 'કેરિગ્નાનો'માં નંદા કૌલ

ભાગ ૨: રાકા 'કેરિગ્નાનો'માં આવે છે.

ભાગ 3: ઈલા દાસ 'કેરિગ્નાનો' છોડી જાય છે.

'ડુંગરિયે દવ લાગ્યો'ની નાયિકા નંદા કૌલ વિધવા છે, તેમના પતિ વાઇસ-ચાન્સલર હતા,એટલે ઘરે અધ્યાપકો,મહેમાનોની અવર-જવર ખૂબ રહેતી.મહેમાનોનું સ્વાગત કરવું,દરેક વસ્તુની સંભાળ રાખવી,છોકરાનું ધ્યાન રાખવું આ બધું જ નંદા કૌલે ખૂબ જ યોગ્યતા પૂર્વક કર્યું હતું,પણ હવે આ બધા કોલાહલ શોર-બકોરથી દૂર એકાંતને શોધતી હતી.એટલે તે કસૌલીની પહાડીઓમાં 'કેરિગ્નાનો' નામનું વર્ષો જૂનું એક કર્નલે તેની પત્ની માટે બંધાવેલું મકાન ખરીદી ત્યાં જ રહેવા માટે આવી જાય છે. પરંતું ત્યાં પણ ટપાલીનો એક પત્ર તેના એકાંતમાં ખલેલ પહોંચાડે છે આ પત્ર તેમની દિકરી આશાનો હોય છે જેમાં ટાઈફોઈડથી પીડિત તેની દિકરી રાકાને થોડા સમય માટે તેમના ઘરે મોકલવાની વાત કરી હોય છે આ પત્ર નંદા કૌલને ખૂબ જ બોજારૂપ લાગે છે.રાકાનું આગમન એના ભૂતકાળને ઊઘાડતું તો નથી ને? આવા વિચારોથી તેનું વ્યથિત હ્રદય કણસી ઊઠે છે.

નંદા કૌલ સતત વિચારતી બગીચાની બહાર આવીને ઊભી હોય છે ત્યારે રામલાલની પાછળ આવતી તૂટેલી નેતરની ટોપી,બે આંખો થોડી બહાર આવેલી, સુકલકડી પગ,નાજુક ડોક અને વૃદ્ધ સ્ત્રી સાથે વધારે સામ્ય ધરાવતી રાકા 'કેરિગ્નાનો'ને ચારે બાજુથી નિહાળતી આવતી દેખાય છે.બંને ઘરમાં જાય છે અને રાકા ટેકરા નીચે આવેલા રસી બનાવતા કારખાના વિશે રામલાલ પાસેથી માહિતી લે છે.રાકા પાસે પણ એકાએક અદ્રશ્ય થઈ જવાની શક્તિ હતી.તે પણ કલાકો સુધી ટેકરીઓ પર એકલી જ ફરવા નીકળી જતી.નંદા કૌલ ને પણ તેની લાંબી ગેરહાજરી હેરાનગતિ કરનારી હતી તો વધારે હાજરી વ્યાકુળ કરનારી હતી.નંદા કૌલ રાકા

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

વિશે જેટલું વિચારતી હતી તેનાથી રાકા બિલકુલ વિપરીત હતી તે ક્યારે કોઈ માંગણી તેમની પાસે કરતી નહી તે પણ એકાંતને જ શોધતી ફરતી હતી.થોડા દિવસ પછી નંદા કૌલને રાકાની માતાના માનસિક આઘાતના સમાચાર મળે છે ત્યારે રાકાના ભવિષ્ય વિશે ચિંતા કરે છે એવામાં જ ઈલા દાસનો ફોન આવે છે અને તેને ચા માટે આમંત્રણ આપે છે.ઈલા દાસ તેમની બાળપણની મિત્ર હોય છે જે ગૃહવિજ્ઞાનની અધ્યાપિકા છે તેની નૈતિક બાબતો સાથે બાંધછોડ ન કરી શકવાને લીધે તે નોકરીમાંથી રાજીનામું આપે છે અને અત્યારે સામાજિક કાર્યકર તરીકે સેવા કરે છે.તેના ગામનો પ્રિતસિંહ નામનો એક માણસ તેની સાત વર્ષની દિકરીને જમીનની લાલચે એક વૃદ્ધ સાથે પરણાવવા માગતો હોય છે જેનો ઈલા દાસ સખત વિરોધ કરે છે.'કેરિગ્નાનો' માંથી ઘરે જતાં રસ્તામાં મળતા લોકો ઈલા દાસની મશ્કરી કરે છે છતાં પણ તે સહન કરતા આગળ ચાલતી થાય છે. ઢોળાવ પરથી નીચે આવેલા ગામ તરફ જતાં અચાનક રસ્તામાં પ્રિતસિંહ આવી તેને ગળેથી પકડે છે.નરાધમ રાક્ષસની જેમ તેનાં કપડાં ફાડી બળાત્કાર કરે છે અને મારી નાખે છે.સાંજે પોલીસ સ્ટેશનમાંથી નંદા કૌલ પર ફોન આવે છે અને તેને ઈલા પર થયેલ બળાત્કાર અને તેની હત્યા વિશે જણાવવામાં આવે છે છતાં નંદા કૌલને વાત મનાતી નથી.તે ભૂતકાળમાં ખોવાઈ જાય છે ત્યારે જ રાકા આવી જંગલની ખાડીમાં લાગેલી આગ વિશે જણાવે છે તે આગનો ધુમાડો પહાડો પર ચઢતો દેખાય છે તે સાથે જ નવલકથા પૂર્ણ થાય છે.

નવલકથાના કેન્દ્રમાં મુખ્ય પાત્ર 'નંદા કૌલ'નું છે જેના પતિ વાઈસ-ચાન્સેલર છે.પિતૃસત્તાક સમાજમાં રહી એક સ્ત્રી તરીકેની બધી જ જવાબદારીઓ નિભાવે છે.અંતે માનસિક રીતે ત્રાસી ગયેલી નંદા કૌલ કસૌલીની પહાડીઓમાં એકાંત શોધે છે પણ પ્ર-પૌત્રી રાકાનું આગમન તેના એકાંતમાં ખલેલ પહોંચાડે છે.આમ આ પાત્ર સતત માનસિક સંઘર્ષ કરતું બતાવ્યું છે. બીજું પાત્ર 'રાકા'નું છે જે ટાઈફોડની બીમારીથી પીડિત છે.આ બીમારી તેના શરીરને બિલકુલ કટી નાખે છે.તે પણ પહાડીઓમાં એકાંત શોધતી જ ફરતી હોય

છે.નવલકથામાં પર્વતો રાકા માટે સાહસનું પ્રતિક સમા છે.ત્રીજું પાત્ર 'ઈલા દાસ'નું છે જે ગર્ભશ્રીમંત કુટુંબમાં ઉછરેલી છે.તેના માતા-પિતાના મૃત્યુ પછી તે નાની મોટી નોકરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે.અંતે સમાજ સુધારક તરીકે કાર્ય કરતી ઈલા દાસ પર બળાત્કાર થાય છે અને તેની હત્યા કરી દેવામાં આવે છે.અન્ય ગૌણ પાત્રો તરીકે રસોયો રામલાલ કે જે શાંત અને ઓછાં બોલો છે.બીજો ટપાલી કે જેને લશ્કરમાં પંદર વર્ષ સુધી સેવાઓ આપી હતી પણ તેનું જીવન રખડતાં ઢોર જેવું છે.

'ડુંગરિયે દવ લાગ્યો' નવલકથાની શરૂઆત ટપાલી દ્વારા 'કેરિગ્નાનો' ઈતિહાસ થાય છે.ઈ.સ.1843માં કર્નલ મેકડુગલે આ મકાન બંધાવ્યું હતું.ત્યાર પછી તેમાં જરદાળુના વૃક્ષો રોપનાર કસૌલીનો પાદરી,ગાર્ડન હાઉસની માલિક બે વૃદ્ધ એલટ બહેનો,ગલગોટાની ગંધને સહી ન શકતી મિસ એપલબી,લિનનની ટોપીવાળી મિસ લોરેન્સ,ક્લબમાં બ્રિજ રમ્યા કરતી બે મિસીઝ હ્યુજ બહેનો,દારૂ ગાળતી અને વીંછીના ડંખને મટાડતી મિસ જેન શ્રૂઝબરી,લશ્કરી જવાનો માટે શરાબની પાર્ટીઓ ગોઠવતી મિસ વીવર અને મિસ પોલ્સન જેવી અનેક અંગ્રેજી વિભૂતિઓ 'કેરીગ્નાનો' માં રહીને ગયી હતી.'કેરીગ્નાનો' એક એવું મકાન છે જે નિ:સહાય,એકલતામાં ગરકાવ થયેલ અને ત્યજી દીધેલ સ્વજનને સ્વીકારે છે.કસૌલીની પહાડીઓની વચ્ચે આવેલું આ મકાન ખરેખર ત્યાં આવનાર માણસને એક નવા જીવનનો અનુભવ કરાવે છે.

આઝાદી પહેલા કસૌલીની પહાડીઓમાં જ્યારે કુંવારી યુવતીઓનું રહેવું અસુરક્ષિત જેવું લાગે છે ત્યારે તેઓને ઈંગ્લેન્ડ પાછા મોકલી દેવામાં આવે છે પણ અંતે ઈલા દાસ માટે તો આઝાદી પછી પણ શક્ય બનતું નથી.મેદાનમાં લાગેલી આગને ઠારી શકાય પણ ડુંગરિયે લાગેલી આગ છેલ્લે રાખ થઈને જ ઠરે છે.

## સંદર્ભસૂચિ

1. ‘ડુંગરિયે દવ લાગ્યો’, અનુવાદ: અનિલા દલાલ, આવૃત્તિ ૨૦૦૧, પ્રકાશન: સાહિત્ય અકાદમી, દિલ્હી

2. એકલતા, સાહસ અને સંઘર્ષની કથા: ‘ડુંગરીયે દવ લાગ્યો’, પ્રા. જિજ્ઞાબા રાણા, ISSN: 2249-2372, July-Aug 2020, sahitysetu